# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે ગુજરાતની મુલાકાતે – ભાવનગરમાં વિવિધ વિકાસકામોનાં શુભારંભ કરાવશે.
2. પ્રધાનમંત્રી લોથલ ખાતે નિર્માણ પામી રહેલા રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંગ્રહાલયની કામગીરીની સમીક્ષા કરશે
3. ગાંધીનગરમાં એક હજાર કરોડ રૂપિયાની કિંમતની જમીન પર ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ
4. રાજ્યમાં ચાર હજારથી વધુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મહિલાઓ દ્વારા સંચાલિત
5. ઍશિયન હૅન્ડબૉલ સ્પર્ધામાં ભારતને ખિતાબ જીતાડવામાં નર્મદાના ખેલાડી દેવાંશુ વસાવાનો મહત્વનો ફાળો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM BHAVNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શનિવારે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ ભાવનગર અને અમદાવાદની મુલાકાત લેશે. તેમના આગમનને લઈ ભાવનગરમાં તડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે આજે ધારાસભ્ય જીતુ વાઘાણીએ મહિલા મહાવિદ્યાલયથી રૂપાણી વર્તુળ સુધી પ્રધાનમંત્રીના રોડ શૉ માર્ગનું નિરીક્ષણ કર્યું.

ભાવનગરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા અને શ્રી વાઘાણીએ પ્રધાનમંત્રી દ્વારા લોકાર્પણ થનારા વિકાસકાર્યોની માહિતી રજૂ કરી. સાથે જ બંને મહાનુભાવોએ તૈયારીઓ અને વ્યવસ્થાની સમીક્ષા પણ કરી.

-------------

# PM MODI LOTHAL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શનિવારે અમદાવાદના લોથલ ખાતે રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ- NMHC પરિયોજના અંગે સમીક્ષા બેઠક અને નિરીક્ષણ કરશે. શ્રી મોદીના "વિરાસત ભી વિકાસ ભી"ના ધ્યેયને સાકાર કરતી આ પરિયોજના અંદાજે ચાર હજાર 500 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- PRAVESH ADIACHA)**

*(..ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઇતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું સંકુલ નિર્માણ પામી રહ્યું છે. આંતર-રાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામી રહેલા આ સંકુલમાં ઇતિહાસ, શિક્ષણ, સંશોધન અને મનોરંજનનો સમન્વય જોવા મળશે. એટલું જ નહીં, સંકુલમાં વિશ્વનું સૌથી ઊંચું 77 મીટરનું દિવાદાંડી સંગ્રહાલય તૈયાર થશે. તેમાં રાત્રિના સમયે લાઈટિંગ શૉ પણ થશે. સાથે જ સંકુલમાં દરિયાઈ વિશ્વ-વિદ્યાલય બનાવાશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

-------------

# GANDHINAGAR MEGA DEMOLITION

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પેથાપુર વિસ્તારમાં ગેરકાયદે 150થી વધુ દબાણને હટાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ કાર્યવાહી થકી અંદાજે એક હજાર કરોડ રૂપિયાની કિંમતની એક લાખ ચોરસ મીટરથી વધુની જમીનને દબાણમુક્ત કરાશે. હજી પણ આ કામ આગામી બે દિવસ ચાલશે.

આ અંગે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ કહ્યું, પેથાપુરમાં G.E.B. પાછળ નદી કિનારે સરકારી જમીન પર થયેલાં ગેરકાયદે દબાણ હટાવવા આ ઝૂંબેશ હાથ ધરાઈ છે. આ કામમાં દબાણ હટાવવામાં ઉપયોગમાં લેવાતા 10 વાહન, 15 ટ્રક અને 500થી વધુ પોલીસ કર્મચારીઓનો કાફલો તહેનાત કરાયો છે.

-------------

## Swacchta hi Seva

રાજ્યભરમાં “સ્વચ્છતા હી સેવા-૨૦૨૫” અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાઇ.

કચ્છના માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના જિલ્લામાં સફાઈ કામગીરી સાથે સ્વચ્છતા રેલી પણ યોજાઇ. બીજી તરફ સુગારીયા, ભુજપુર, વોંધ, શીકરા, ગઢશીશા, નવીનાળ, ધૂણઇ, ખાણોટ, ખારીરોહર સહિતના ગામડામાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઇ.

ડાંગમાં સ્વચ્છતા રેલી તેમજ વિવિધ સ્પર્ધા યોજાઇ. જ્યારે નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સંતરામ મંદિરથી ઈફ્કોવાલા સભાખંડ સુધી સ્વચ્છતા રેલી યોજાઈ.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે જિલ્લા પંચાયતનાં અધ્યક્ષ જાગૃતિ પટેલે સ્વચ્છતા રથને પ્રસ્થાન કરાવ્યું. આગામી બીજી ઓક્ટોબર સુધી દમણની તમામ ગ્રામ પંચાયતમાં ફરી સ્વચ્છતાનો સંદેશ ફેલાવાશે.

મહીસાગરની બાલાસિનોર નગરપાલિકા દ્વારા રાત્રી સફાઈ અને સાબરકાંઠાની હિંમતનગર નગરપાલિકા દ્વારા ‘સ્વચ્છતા રેલી’નું આયોજન કરાયું.

------------------------------

રાજ્યમાં સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા પશુપાલકો આત્મનિર્ભર બની રહ્યાં છે. બનાસકાંઠાનાં માનીબેને વર્ષ 2024-25માં અંદાજે બે કરોડ રૂપિયાના દૂધનું વેચાણ કરી આ વાત સિદ્ધ કરી બતાવી છે. હવે આ વર્ષે તેમણે ત્રણ કરોડ રૂપિયાનું દૂધ વેચવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ રીતે રાજ્યમાં હાલ 16 હજારથી વધુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે, તેમાંથી ચાર હજાર 150 જેટલી મંડળી મહિલાઓ દ્વારા સંચાલિત છે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઇસકાસ્ટઃ ચૈતાલી જોષી)**

*(…. રાજ્યના પશુપાલન ક્ષેત્રે મહિલાઓ દ્વારા સંચાલિત ડેરી સહકારી અને સ્વસહાય જૂથની સંખ્યા પણ નોંધનીય છે. રાજ્યના કુલ 36 લાખથી વધુ સભાસદ પૈકી 11 લાખથી વધુ સભાસદ મહિલાઓ છે. બનાસ ડેરી જેવી મોટી ડેરીઓમાં, જ્યાં એક દિવસમાં 90 લાખ લિટર જેટલું દૂધ સંપાદન થાય છે. ત્યાં પણ મહિલા પશુપાલકોનું નોંધપાત્ર યોગદાન છે. બનાસ ડેરીમાં મોટી સંખ્યામાં મહિલાઓ સભાસદો વર્ષે 50 લાખથી વધુ રકમનું દૂધ જમા કરાવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની રહી છે.*

*ચૈતાલી જોષી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)*

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

……………………………

# GST REFORMS FOR EVENING

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. પરિષદે લોકોનું જીવન સરળ બનાવવા અનેક ક્ષેત્રમાં કરના દર ઘટાડ્યા છે. આગામી 22 તારીખે અમલમાં આવનારા નવા દરથી બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા લોકો અને સામાન્ય નાગરિકને પણ ઘણો લાભ થશે. તે અંગે બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા અગ્રણી સમીર પટેલે પ્રતિક્રિયા આપી.

**(BYTE: SAMEER PATEL, BUILDER)**

-------------

# ATMANIRBHAR SANKALP ABHIYAN

ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન થકી ઘરેઘરે જઈ સ્વદેશી વસ્તુઓ અંગે લોકોને જાગૃત કરશે. ગાંધીનગરના નગરગૃહ ખાતે આજે કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ અભિયાન અંગેની કાર્યશાળામાં આ નિર્ણય કરાયો. દરમિયાન આત્મનિર્ભર ભારતના લક્ષ્ય અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આગામી 25 તારીખથી શરૂ થનારું આ અભિયાન 25 ડિસેમ્બર સુધી ચાલશે તેમ અભિયાનના અધ્યક્ષ પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું.

**(BYTE: PRADIPSINH JADEJA)**

-------------

# Swasth Naari Sashakt Parivaar

ડાંગ જિલ્લા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાન અંતર્ગત વઘઇમાં મેગા આયુર્વેદ નિદાન સારવાર શિબિર યોજાઇ. જેમાં 1 હજાર 759 જેટલા લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં વિરાવાડા ખાતે આરોગ્ય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 40 વર્ષથી ઉપરની વ્યક્તિઓમાં ઓરલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર અને ગર્ભાશયના કેન્સરની તપાસ કરવામાં આવી હતી. 155 જેટલા લાભાર્થીઓએ જેનો લાભ લીધો હતો. સાથે જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ ગર્ભાશયના કેન્સર માટેનો વી.આઈ.એ. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમજ 263 જેટલાક લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

મોરબી જિલ્લામાં હળવદ તાલુકાના માથક અને ચરાડવા ખાતે યોજાયેલા મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

વડોદરા જિલ્લામાં 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાનના બીજા દિવસે વડોદરા જિલ્લામાં મહિલાઓ માટે કુલ ૨૪૨ સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૧૦ હજાર મહિલાઓએ ભાગ લીધો.

આજે જિલ્લાના કુલ ૮ તાલુકાના ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ૪૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૭૭ આયુષ્યમાન આરોગ્ય મંદિર, ૧૦ અર્બન કેન્દ્ર તેમજ ૧ જિલ્લા હોસ્પિટલ અને ૨ સબ જિલ્લા હોસ્પિટલ પર આરોગ્ય નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવ્યા હતા.

-------------

# NARMADA HANDBALL TOURNAMENT

નર્મદાના ખેલાડી દેવાંશુ વસાવાએ ભારતને એશિયન 6—A સાઇડ હૅન્ડબૉલ સ્પર્ધાનો ખિતાબ જીતવામાં મહત્વનું યોગદાન આપ્યું. ભૂતાનમાં યોજાયેલી સ્પર્ધામાં પ્રથમ મુકાબલામાં ભારતે યજમાન ભૂતાન સામે ભવ્ય પ્રદર્શન કરી 13—2ના આંકથી વિજય મેળવ્યો.

બીજી મૅચમાં ભારત નેપાળ સામે એક તરફી રમતમાં 15—શૂન્યથી જીત્યું. સેમિ-ફાઈનલમાં રૉમનને હરાવ્યા બાદ ભારતે ફાઈનલમાં બાંગ્લાદેશને મ્હાત આપી ખિતાબ જીતી લીધો. આ રીતે દેવાંશુ વસાવા જિલ્લાના રમતવીરો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

-------------